# કે.એસ.કે.વી કચ્છ યુનિવર્સીટી ભુજ

સ્નાતક કક્ષાએ પ્રથમ વર્ષમાં પ્રવેશ (એડમિશન) માટેના નિયમો

વર્ષ-૨૦૨૨-૨૩

(૧) દરેક કોલેજ /સંસ્થાએ જે તે સ્ટ્રીમ માં યુનિવર્સીટી દ્વારા મંજુર કરવામાં આવેલ ડિવિઝન /સીટ પ્રમાણે પ્રવેશ કાર્યવાહી કરવાની રહેશે વર્ષ ૨૦૨૨-૨૩નાં પ્રવેશની વિશિષ્ટ પરિસ્થિતિને ધ્યાને લેતાં જો વધારાની સીટો ભરવાની થાય તો પોતાના માળખાકિય અને શૈક્ષણિક સુવિધાને આધારે યુનિવર્સીટીની પૂર્વમંજુરી થી વધારાની સીટો ભરી શકશે.

(૨) દરેક કોલેજે સ્ટ્રીમ (આર્ટસ,સાયન્સ,કોમર્સ) પ્રમાણે ફરજિયાત મેરિટ લીસ્ટ તૈયાર કરવાના રહેશે અને દરેક મેરિટ લીસ્ટની પ્રિન્સિપાલ દ્વારા પ્રમાણિત કરેલી નકલ કુલસચિવશ્રી. કે.એસ.કે.વીકચ્છ યુનિવર્સીટી ભુજ ને જમા કરાવવાની રહેશે મેરિટ લીસ્ટ સિવાય આપવામાં આવેલ પ્રવેશ માન્ય રહેશે નહી

(૩) મેરિટ લીસ્ટમાં ચાલુ વર્ષ દરમિયાન પાસ થયેલા વિધાર્થીના ના કુલ ગુણ /ટકા /CGPના માત્ર થિયરીના ગુણ મેરીટ માટે ધ્યાને લેવાનાં રહેશે. એક થી વધુ પ્રયાસે પાસ થયેલ વિધાર્થીની ટકાવારી તે વિધાર્થી દ્વારા જે તે પરીક્ષામાં પાસ કરેલ વિષયોમાં મેળવેલ માર્ક્સનાં કુલ સરવાળા ને આધારે ગણવાની રહેશે

(૪) મેરિટ લીસ્ટ બનાવતી વખતે રાજ્ય સરકારશ્રી ની અનામત નીતિનું સંપૂર્ણ રીતે પાલન કરવાનું રહેશે જે મુજબ SC કેટેગરી ને ૭% સીટ ST કેટેગરી માટે ૧૫% ટકા સીટ OBC કેટેગરી માટે ૨૭% સીટ અનામત રાખવી EWS માટે વધારાની મંજુર થયેલી સીટ માં થી ૧૦% સીટ અનામત રાખવાની રહેશે

(૫) એક ડિવિઝન માં ૧૪૫ સીટોનું ગણી તેમાં EWS કેટેગરી ને કારણે વધારાની (૧૦% સીટો ઉમેરતા )૧ ડિવિઝનમાં હવે ૧૬૦ મહત્મ વિધાર્થીને પ્રવેશ આપી શકાશે જેમાં પ્રત્યેક ડિવિઝન પ્રમાણે નીચે પ્રમાણે અનામત કેટેગરીના વિધાર્થીનો સમાવેશ કરવાનો રહેશે SC કેટેગરી ૭% વિધાર્થીઓ ST કેટેગરી ૧૫% વિધાર્થીઓ OBC કેટેગરી ૨૭% વિધાર્થીઓ EWS કેટેગરી ૧૦% સીટ વિધાર્થીઓનો સમાવેશ કરવાનો રહેશે ગુજરાત બહારથી આવતા વિધાર્થીઓને અનામતનો લાભ મળવા પાત્ર નથી

(૬) જે તે મેરીટ લીસ્ટમાં કેટેગરીનાં વિધાર્થીઓ ઉપલબ્ધ ન હોય તો સરકારશ્રીની અનામત નીતિ પ્રમાણે ૩જા પ્રયત્ન પછી અનામત કેટેગરીની સીટો અન્ય કેટેગરીમાં ફેરબદલ કરી શકાશે

(૭) તમામ સ્ટ્રીમ માં મેરિટ માં માત્ર ધોરણ ૧૨ કે તેની સમકક્ષ પરીક્ષાનાં માત્ર થિયરીના ગુણ જ ધ્યાને લેવાના રહેશે સાયન્સ માં મુખ્ય વિષયનાં માર્ક્સ ને આધારે વિધાર્થીનું ( ૩૦૦ ગુણમાં થી) મેરીટ બનાવવાનું રહેશે

(૮) દિવ્યાંગ વિધાર્થીને (૪૦% કે તેથી વધુ દિવ્યગતા ધરાવતા ) વિધાર્થીને તેની કેટેગરી માં પ્રવેશ માટે અગ્રતા આપવાની રહેશે

(૯) વિશેષ પ્રવેશ માટે જેમ કે લશ્કરી કર્મચારીના સંતાનો /રમત ગમત અને કલ્ચર ઈવેન્ટમાં રાજ્ય સ્તરે અથવા કેન્દ્ર સ્તરે ભાગ લીધેલ વિધાર્થીઓને પ્રવેશમાં કોલેજ અગ્રતા આપી શકશે

(૧૦) રાજ્યસરકાર /કેન્દ્ર સરકાર /સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ/નિગમો ના કર્મચારીના સંતાનો ને વાલીની બદલીના કિસ્સા માં પ્રવેશમાં અગ્રતા આપવાની રહેશે

(૧૧) ૨૦૨૨-૨૩ ના વર્ષમાં પ્રવેશ માટે રાજ્ય સરકારની સુચના મુજબ કુલ સીટની ૧૦ % સીટ અન્ય બોર્ડના વિધાર્થીઓ માટે અનામત રાખવાની રહેશે અને આ સીટો માં ગુજરાતના વિધાર્થીઓને કેટેગરી પ્રમાણે અનામતનો લાભ આપવાનો રહેશે

(૧૨) અન્ય બોર્ડમાં થી આવતા વિધાર્થીની અસલ માર્કશીટ માં વિલંબ થતો હોય છે ત્યારે આવા વિધાર્થીના પ્રવેશ માટે યુનિવર્સીટી ઈંટરનેટ ઉપરથી ડાઉનલોડ કરેલી પ્રમાણિત કરેલી માર્કશીટ કોપીને આધારે પ્રોવિઝનલ પ્રમાણપત્ર આપવું

(૧૩) કોલેજ દ્વારા વિધાર્થીના પ્રવેશ રદ કરવો કે પરીક્ષા ફોર્મ અટકાવવાની કાર્યવાહી કોલેજ દ્વારા યોગ્ય કારણો રજુ કરવાથી યુનિવર્સીટીએ પ્રવેશ રદ કરી પરીક્ષા ફોર્મ અટકાવવાનું રહેશે

(૧૪) કોઈ વિધાર્થી એકી સાથે બે કે તેથી વધુ સ્ટ્રીમ માં પ્રવેશ ન મેળવે તે માટે યુનિવર્સીટીના પોર્ટલ માં જરૂરી સુધારો કરવો

(૧૫) સુચારુ રૂપે વર્ગખંડનાં આયોજના માટે અને દરેક વિષયમાં યોગ્ય કાર્યભારની વહેચણી માટે પ્રથમવર્ષમાં વિધાર્થીના પ્રવેશ સમયે કોલેજ દ્વારા નક્કી કરવામાં આવેલા વિષય અને વિષયના ગ્રુપ જ વિધાર્થી પસંદ કરી શકશે અથવા કોલેજ દ્વારા જે વિષયમાં જગ્યા ખાલી હશે તે વિષય માં કોલેજ વિધાર્થીને પ્રવેશ આપશે ઓનલાઈન પ્રવેશ ફોર્મ માં દરેક કોલેજના વિષય મેનુ માં જરૂરી સુધારો કરવો ખુબજ જરૂરી છે જે થી વિધાર્થી દ્વારા માગમાં આવેલા વિષયો અને કોલેજ દ્વારા વિધાર્થીને આપવામાં આવતા વિષયો વચ્ચે એકરૂપતા જળવાઈ રહે

(૧૬) જયારે કોઈ વિધાર્થી દ્વારા કોઈ કોર્ષ વચ્ચેથી છોડી દેવામાં આવે અથવા તેજ કોર્ષમાં ફરી નવેસર થી પ્રવેશ મેળવવા માટે પ્રવેશ ફોર્મ ભરે અથવા પ્રવેશ આપવામાં આવે તે પૂર્વે વિધાર્થીનું અગાઉનું એડમિશન રદ કરાવવું ફરજિયાત છે અને તેની જવાબદારી સંપૂર્ણ પણે વિધાર્થીની રહેશે

(૧૭) એક કોલેજ માંથી અન્ય કોલેજ માં પ્રવેશ માટે જયારે વિધાર્થી અરજી આપે છે ત્યારે અગાઉની કોલેજમાં અભ્યાસ કરેલ કોઈપણ સેમેસ્ટર કે વર્ષ માં બેકલોગ હોવો જોઈએ નહી અને અન્ય કોલેજમાં વિધાર્થીના વિષયોમાં સમ્પૂર્ણ એકરૂપતા હશે તોજ કોલેજ ફેરબદલી આપી શકાશે અને તે માટે સૌ પ્રથમ જે કોલેજ માં વિધાર્થીએ પ્રવેશ મેળવવાનો છે તે કોલેજનું NOC રજુ કર્યા પછી જ જે તે કોલેજ વિધાર્થીનું TC આપી શકશે

(૧૮) અન્ય યુનિવર્સીટીઓ માંથી વિધાર્થી સેમેસ્ટર ૩ ,૫ માં પ્રવેશ માટે પ્રવેશ ફોર્મ રજુ કરે ત્યારે યુનિવર્સીટીનું કામચલાવ પ્રોવિઝનલ પ્રમાણપત્ર સાથે રજુ કરવાનું રહેશે